**પેનલ ચર્ચા:** નવા સાહસના ખેડાણ અને તેનાં પડકારો

**તારીખ:** 26/8/2023

**વાર:** શનિવાર

**સમય:** 12:30 થી 2:00

**કાર્યક્રમની રૂપરેખા**

| ક્રમ. | સમય | વિગત |
|---|---|---|
| 1 | 12:00pm | મહેમાનોનું આગમન |
| 2 | 12:05pm | સર્વે મહેમાનોનું અને વિદ્યાર્થીઓનું આવકાર |
| 3. | 12:07pm | વિદ્યાપીઠ ગાન |
| 4. | 12:10pm | સૂતરની આટીથી મહેમાનોનો સ્વાગત અને પરિચય |
| 5. | 12:15pm | શ્રી મયંકભાઈ મહેતા દ્વારા સાહસિકતા માટેની પ્રસ્તુતિ અને ફંડ મેળવવાના સ્થાનો પર રજૂઆત |
| 6. | 12:30pm | શ્રી નીલેશભાઈ દ્વારા સાહસિકતા માટે પાયાની બાબતો વિષે સમજણ |
| 7. | 12:40pm | શ્રી રાજભાઈ દ્વારા સાહસિકતાનો તેમનો અનુભવ અને તેમના સાહસો વિષે રજૂઆત |
| 8. | 12:50pm | વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોતરી |
| 9. | 1:30pm | આભારદર્શન |
| 10. | 2:15pm | મહેમાનોની વિદાય |

કાર્યક્રમ નિયત સમયે શરૂ થયા બાદ ત્રણેય વક્તાઓએ 10-12 મિનીટ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. જેમાં શ્રી મયંકભાઈ મહેતા દ્વારા સાહસિકતા માટેની પ્રસ્તુતિ અને ફંડ મેળવવાના સ્થાનો પર રજૂઆત થઇ હતી. શ્રી નીલેશભાઈ દ્વારા સાહસિકતા માટે પાયાની બાબતો વિષે સમજણ આપી હતી. શ્રી રાજભાઈ દ્વારા સાહસિકતાનો તેમનો અનુભવ અને તેમના સાહસો જેવા કે ફીન્ડાલાનાં સરબત અને wehear વિષે રજૂઆત કરી અને તે કાર્યોનાં અનુભવ કહ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં startupની શરૂઆત થી લઈને ફંડ મેળવવા સુધીની ચર્ચા થઇ હતી. બહેનો દ્વારા પણ આ ચર્ચાને સંલગ્ન સામાજીક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. લગભગ 1:30 કલાકે રાંધેજા જતી બસનો સમય થઈ જતાં આભારવિધિ કરી કાર્યક્રમની ઔપચારિક સમાપ્તિ કરાવામાં આવેલ પરંતુ ત્યારબાદ પણ વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનું

સમાધાન કરવા અને માર્ગદર્શન આપવા માટે મહેમાનો હાજર રહ્યા હતા અને બપોરે 2:00 કલાક બાદ ઉપાસના ખંડ છોડ્યો હતો.

**કાર્યક્રમની ઝાંખી**














